# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

(રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગુજરાત સરકાર)
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,હિંમતનગર જી.સાબરકાંઠા
મુ.ભોલેશ્વર પો.કાટવાડ,તા:હિંમતનગર જી.સાબરકાંઠા ફોનનં. ૦૨૭૭૨-૨૪૦૫૮૧
Email: dsdo-sabarkantha@gujarat.gov.in, dso-sycd-sk@gujarat.gov.in


જા.નં.: ૪૨૬ /જી.ર.પ્ર.કે./ખેમકુ ૨૦૨૫ રાજ્યકક્ષા તા.૧૩/૦૨/૨૦૨૬

પ્રતિ,
જીલ્લા રમત વિકાસ અધિકારીશ્રી.તમામ ,
જીલ્લા રમત ગમત અધિકારીશ્રી.તમામ ,
ગુજરાત રાજ્ય.

વિષય:- ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજયકક્ષા ફૂટબોલ અં-૧૪ અને અં-૧૭ બહેનો વયજુથ સ્પર્ધા આયોજન બાબત.
સંદર્ભ:-ક્રમાંક:એસ.એ.જી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર સાથે જણાવવાનું કે, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ ગાંધીનગર તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર ઉપક્રમે જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, હિંમતનગર જી-સાબરકાંઠા દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ હિંમતનગર ખાતે યોજનાર છે. જે સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ નીચે દર્શાવ્યા મુજબ હોય. જે આપના જીલ્લાની ઝોનકક્ષાએથી રાજયકક્ષા માટે ક્વોલીફાઈડ થયેલ ટીમ (ખેલાડી)ની વિગત KMK ID સાથેની એન્ટ્રી EMAIL ID:- dsdo-sabarkantha@gujarat.gov.in,dso-sycd-sk@gujarat.gov.in તા.૧૬/૦૨/૨૦૨૬ સુધી મોકલી આપવા તેમજ સંબધિત ટીમોને સ્પર્ધા કાર્યક્રમની સમયસર જાણ થવા વિનંતી.

**અં-૧૪ અને અં-૧૭ (બહેનો) રાજયકક્ષા ફૂટબોલ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ**

| ક્રમ નં | વય જૂથ | રીપોર્ટીંગ તારીખ,સમય અને સ્થળ | સ્પર્ધા તારીખ સમય અને સ્થળ |
|---|---|---|---|
| ૧ | અં-૧૭ બહેનો | તા.૧૬/૦૨/૨૦૨૬<br>સવારે ૧૧:૦૦ કલાકે<br>સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ હિમતનગર સાબરકાંઠા | તા.૧૬/૦૨/૨૦૨૬<br>બપોરે ૨:૪૫ કલાકે સ્પર્ધા શરુ<br>સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ હિમતનગર સાબરકાંઠા |
| ૨ | અં-૧૪ બહેનો | તા.૨૨/૦૨/૨૦૨૬<br>સવારે ૧૧:૦૦ કલાકે<br>સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ હિમતનગર સાબરકાંઠા | તા.૨૨/૦૨/૨૦૨૬<br>બપોરે ૨:૪૫ કલાકે સ્પર્ધા શરુ<br>સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ હિમતનગર સાબરકાંઠા |
| નિવાસ સ્થળ: HNSB સાયન્સ કોલેજ (સાયન્સ ગર્લ્સ હોસ્ટેલ) મોતીપુરા હિમતનગર –સાબરકાંઠા | | | |

**સંપર્ક મો. નંબર:** (૧) શ્રી વૈભવભાઈ જાની- ૯૦૮૧૮૦૧૮૨૪ (૩) શ્રી સતીષભાઈ પટેલ – ૯૪૨૮૪૮૩૫૮૧
(૨) શ્રી કિરીટભાઈ કાપડિયા- ૯૦૯૯૫૦૫૯૭૪ (૪) શ્રી બ્રિજરાજસિંહ રાઠોડ – ૮૦૦૦૦૮૫૪૯૨

Scanned with OKEN Scanner

## -:: સ્પર્ધા અંગે અગત્યની સૂચનાઓ::-

૧. ભાગ લેનાર ખેલાડીની સંખ્યા ૧૬ (બાર) અને સાથે ૧ (એક) મેનેજર અને ૧ (એક) કોચશ્રીએ આવવાનું રહેશે.
૨. ખેલમહાકુંભ-૨૦૨૫ ના નિયમ મુજબ એલીજીબીટી ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી અને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કા અને શાળાના સહી સિક્કા સાથેનું લાવવાનું રહેશે
૩. ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઇન રજીસ્ટ્રેશનની રશીદ ફરજિયાત સાથે લાવવી તેમજ ઓનલાઇન આઇ.ડી. નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. અને તેઓએ પોતાના એક જ વયજુથમાં ભાગ લેવાનો રહેશે. ખેલાડીએ ફરજિયાત પણે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ જોડવી (ઓરિજનલ સાથે) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.
૪. સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઇ પણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પૂરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થુ ચૂકવવામાં આવશે નહિ.
૫. ટીમ સાથે કોચ/મેનેજર તરીકે આવનાર વ્યક્તિએ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી અથવા જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કાવાળો ઓર્ડર અને પસંદગી કરેલ ટીમની એન્ટ્રીની પ્રમાણીત કરેલ નકલ ફરજિયાત પણે સાથે લઇ આવવાની રહેશે. તેમજ બહેનોની ટીમ સાથે મહિલાને જ ટીમ મેનેજર/કોચશ્રી તરીકે મોકલવા રહેશે
૬. સ્પર્ધામાં આવવા-પરત થતા તેમજ સ્પર્ધા દરમ્યાન જો કોઇ ઇજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે. સ્પર્ધા સ્થળે ઋતુ અનુસાર બેડીંગ સાથે લાવવું. તથા કોઇ પણ કિંમતી વસ્તુ સાથે લાવવી નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ/મેનેજરની રહેશે.
૭. ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે તે ટીમના મેનેજર અને કોચ આવવાનું રહેશે. અને શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
૮. જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે. તેમજ કોચ અને મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર અન્ય વાલી કે શિક્ષકને કોઈ પણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેશો.
૯. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા આવવા-જવા માટે ખેલાડી, કોચ-મેનેજરે બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. અન્યથા આયોજક તરફથી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહી.
૧૦. મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરી આપવાનું રહેશે. પ્રવાસ ખર્ચના નાણા મેનેજરના બેન્ક ખાતામાં RTGSથી ચૂકવવામાં આવશે. જેથી અત્રેની કચેરીથી મળેલ ટી.એ. ફોર્મ ભરીને સાથે બસ ભાડા ટિકિટ અને મેનેજરનો કેન્સલ ચેક અથવા બેન્ક ખાતાની પાસબુકની ઝેરોક્ષ સાથે જોડાવાની રહેશે
૧૧.સ્પર્ધા પૂર્ણ થયે તાત્કાલિક નિવાસ ખાલી કરી પરત ફરવાનું રહેશે
૧૨. જિલ્લામાંથી સ્પર્ધા સ્થળે તથા સ્પર્ધા સ્થળથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોચ્યાની જાણ વાલી તથા મેનેજરશ્રી દ્વારા અત્રે ટેલીફોનીક જાણ કરવાની રહેશે.
૧૩.આ સ્પર્ધા ફૂટબોલ એસોશિએશનનાં નીતિ નિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
૧૪.સ્પર્ધા લીગ કમ નોક આઉટ પધ્ધતિ થી રમાડવામાં આવશે જેની ખેલાડી, કોચ, મેનેજરે નોંધ લેવાની રહેશે.
૧૫. ખેલાડીઓએ સ્પર્ધામાં આવવા પહેલા વાલીની સંમતિ પ્રમાણપત્ર લાવવાનું રહેશે. તેમજ જરૂર જણાયે સ્પર્ધા સ્થળે આયોજકને રજૂ કરવાનું રહેશે.
૧૬. પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂક પણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
૧૭.ખેલ મહાકુંભ ૨૦૨૫નાં પરિપત્રમાં દર્શાવ્યા મુજબના નિયમો ધ્યાને લેવાના રહેશે.

જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
સાબરકાંઠા

જિલ્લા રમત ગમત અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
સાબરકાંઠા

Scanned with OKEN Scanner

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

૧) માન.અગ્ર સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર.
૨) માન.ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૩) માન.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર.
૪) માન.કલેક્ટરશ્રી, સાબરકાંઠા.
૫) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સાબરકાંઠા.
૬) માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા.
૭) માન.સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૮) માન.ટીમ લીડરશ્રી, ખેલ મહાકુંભ શાખા, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૯) માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠા.
૧૦) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠા
૧૧) માન.સિવિલ સર્જનશ્રી, સાબરકાંઠા (સ્પર્ધા સ્થળ ઉપર ૧૦૮ની સેવાઓ પૂરી પાડવા માટે)
૧૨) માન. આરોગ્ય અધિકારીશ્રી, સાબરકાંઠા (સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ ઉપસ્થિત રાખવા માટે)
૧૩) માન.નાયબ માહિતી નિયામકશ્રી,સાબરકાંઠા (સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ)
૧૪) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોશિએશન.
૧૫) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી,વ્યાયામ શિક્ષક સંઘ, સાબરકાંઠા જિલ્લો.
૧૬) માન. નોડલ અધિકારીશ્રી/હેડ કોચશ્રી, ખેલમહાકુંભ-૨૦૨૫ ફૂટબોલ સ્પર્ધા.

Scanned with OKEN Scanner